અહો દેવના દેવ હો વિશ્વ સ્વામિ, કરૂ સ્તુતિ હું આપની શીશ નામી, દયાળુ પ્રભુ આપદાથી ઉગારો, દીનાનાથ તું એક આધાર અમારો

| નવા કેસ | |
|---|---|
| રાજ્ય | ૧૧૨૬ |
| અમદાવાદ | ૧૬૫ |
| ગાંધીનગર | ૨૭ |

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૧૫૯ | ૧૯ ઓગસ્ટ, ૨૦૨૦, બુધવાર; શ્રાવણ વદ - ૦)) | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


# પાક સરહદે ભારતે તેજસ ફાયટર તૈનાત કર્યા

**ચીનની ચાલ સામે ભારતની સાવચેતી : એલસીએ તેજસ એ અમેરિકન એન્જિનથી દેશમાં બનેલું પહેલું સ્વદેશી ફાઇટર જેટ છે : પાક સરહદે ગોઠવણી દરમિયાન તેજસે ઘણી ઉડાન ભરી**



નવી દિલ્હી, તા. ૧૮

ચીન સાથે સરહદ વિવાદ વચ્ચે ભારતીય વાયુસેનાએ સ્વદેશી લાઈટ ફાઈટર જેટ એલસીએ તેજસને પાકિસ્તાનની સરહદે આવેલા હવાઈ દળના અડ્ડાઓ પર ઓપરેશનલ તૈનાતીને મંજૂરી આપી દીધી છે. જેથી પાડોશી દેશો કોઈ કાર્યવાહી કરતાં પહેલાં ૧૦ વાર વિચારશે. દેશમાં બનેલા ફાઈટર જેટને ચીન સાથે ચાલી રહેલા વિવાદની વચ્ચે, દેશ પર દ્વિમાર્ગી હુમલો સામે રક્ષણ આપવા માટે, પાકિસ્તાનની સરહદની આસપાસ પણ તૈનાત કરાયા છે. સરકારના ઉચ્ચ સ્તરના સૂત્રોએ જણાવ્યું છે કે તાજેતરમાં પાકિસ્તાનની સરહદ નજીક ગોઠવણી દરમિયાન તેજસે ઘણી વખત ઉડાન ભરી હતી. પશ્ચિમ સરહદની સુરક્ષા પર તેજસની હાજરીને કારણે પાકિસ્તાનના શ્વાસ અટકી ગયા હતા. એલસીએ તેજસે અમેરિકન એન્જિનથી દેશમાં બનેલું પહેલું સ્વદેશી ફાઈટર જેટ છે. છેલ્લા કેટલાક વર્ષોથી તેજસ હવાઈ દળના જુદા જુદા મથકો પર ઉડાન ભરી રહ્યું છે. વાયુસેનામાં પ્રથમ બે સ્ક્વોડ્રનને શામેલ કર્યા પછી, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે ટૂંક સમયમાં ૮૩ માર્ક ૧ એ એલસીએને સામેલ કરવામાં આવશે. આ ફાઈટર જેટની જમાવટને ચીફ ઓફ ડિફેન્સ

● અનુસંધાન પાના - ૭ પર

# મુખ્ય ચૂંટણી કમિશ્નર પદેથી અશોક લવાસાનું રાજીનામું

**લવાસા એડીબીમાં વાઇસ પ્રેસિડેન્ટ પદ સંભાળશે : ચૂંટણીપંચના ઇતિહાસમાં લવાસા બીજા એવા કમિશ્નર બન્યા જેમણે કાર્યકાળ પૂર્ણ કર્યા પહેલાં રાજીનામું આપ્યું**

ન્યુ દિલ્હી,તા.૧૮

ચૂંટણી કમિશનર અશોક લવાસાએ તેમના પદ પરથી રાજીનામું આપી દીધું છે. હવે અશોક લવાસા એશિયન ડેવલપમેન્ટ બેંક (એડીબી) માં વાઈસ પ્રેસિડેન્ટ પદ સંભાળશે. તે એડીબીમાં દિવાકર ગુપ્તાનું પદ સંભાળશે. દિવાકર ગુપ્તાનો કાર્યકાળ ૩૧ ઓગસ્ટના રોજ સમાપ્ત થાય છે. લવાસાની જાન્યુઆરી ૨૦૧૮માં ચૂંટણી કમિશનર તરીકે નિમણૂક કરવામાં આવી હતી.



ચૂંટણીપંચના ઈતિહાસમાં અશોક લવાસા બીજા આવા કમિશનર હશે જેમણે પોતાનો કાર્યકાળ પૂરો કરી શકે તે પહેલાં રાજીનામું આપવું પડશે. અશોક લવાસા પહેલાં, મુખ્ય ચૂંટણી કમિશનર નાગેન્દ્રસિંહે ૧૯૭૩ માં જ્યારે તેમને આંતરરાષ્ટ્રીય ન્યાયિક અદાલતમાં ન્યાયાધીશ બનાવવામાં આવ્યા ત્યારે રાજીનામું આપ્યું હતું. જો બધુ બરાબર થઈ જાય, તો અશોક લવાસા એપ્રિલ ૨૦૨૧ માં મુખ્ય ચૂંટણી કમિશનર બન્યા હોત અને ૨૦૨૨ ઓક્ટોબર સુધીમાં યુપી, ઉત્તરાખંડ અને પશ્ચિમ બંગાળ સહિતના ઘણા રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણીઓ યોજાઈ હોત. અશોક લવાસાએ ઓસ્ટ્રેલિયાની સધર્ન ક્રોસ યુનિવર્સિટીમાંથી એમબીએની ડિગ્રી મેળવી છે, અને મદ્રાસ યુનિવર્સિટીમાંથી સંરક્ષણ અને સ્ટ્રેટેજિક સ્ટડીઝમાં એમફિલની ડિગ્રી છે. તેમણે અંગ્રેજીમાં બી.એ. ઓનર્સ અને દિલ્હી યુનિવર્સિટીમાંથી અંગ્રેજી સાહિત્યમાં માસ્ટર ડિગ્રી પૂર્ણ કરી છે. અશોક લવાસા અગાઉ ભારતના કેન્દ્રીય નાણાં સચિવ, પર્યાવરણ અને વન મંત્રાલયના સચિવ અને નાગરિક ઉડ્ડયન મંત્રાલયના સચિવ સહિત અનેક વરિષ્ઠ હોદ્દાઓ સંભાળી ચૂક્યા છે.

# કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ એઈમ્સમાં પુનઃ દાખલ

**શાહ હોસ્પિટલથી જ કામ કરી રહ્યા છે : શાહ થોડા દિવસ પહેલા કોરોના વાયરસ પોઝિટિવ હોવાનું સામે આવ્યું હતું**



નવી દિલ્હી, તા.૧૮

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ ને મંગળવારે રાજધાની દિલ્હી સ્થિત એમ્સમાં દાખલ કરવામાં આવ્યા છે. એમ્સના સૂત્રો મુજબ, અમિત શાહને સોમવાર-મંગળવારની રાત્રે એમ્સમાં દાખલ કરવામાં આવ્યા છે. એમ્સના નિદેશક રણદીપ ગુલેરિયાના નેતૃત્વમાં ડૉક્ટરોની એક ટીમ ગૃહ મંત્રીના સ્વાસ્થ્ય પર દેખરેખ રાખી રહી છે. નોંધનીય છે કે, અમિત શાહ થોડા દિવસ પહેલા કોરોના વાયરસ પોઝિટિવ હોવાનું સામે આવ્યું હતું અને હાલમાં જ તેઓ સાજા થઈને ઘરે પરત ફર્યા હતા. મળતી માહિતી મુજબ, ગૃહ મંત્રી

● અનુસંધાન પાના - ૭ પર

## કોરોના અપડેટ્સ

| ક્યાં | કેસ | મૃત્યુ | રિકવર |
|---|---|---|---|
| વિશ્વ | ૨૨૧૨૨૪૩૬ | ૭૭૮૯૨૧ | ૧૪૯૩૨૮૭૧ |
| ભારત | ૨૭૫૨૨૭૨ | ૫૨૮૪૬ | ૨૦૨૩૭૩૧ |
| ગુજરાત | ૮૦૯૪૨ | ૨૮૨૨ | ૬૩૮૧૦ |
| ગાંધીનગર | ૨૦૭૭ | ૧૧૭ | ૧૭૦૨ |

# દેશમાં કોરોના કેસ ૨૭ લાખને પાર

**૨૪ કલાકમાં નવા ૫૫૦૦૦ કેસ : દિવસમાં ૮૭૬ મોત, છ રાજ્યોમાં એક મોત નહીં : ૧૯ લાખ ૭૭ હજાર ૭૮૦ લોકો સાજા થઇને ઘેર પાછાં ફર્યા**

નવી દિલ્હી, તા. ૧૯

ભારતમાં ૨૪ કલાકમાં કોરોનાના ૫૫ હજાર નવા કેસ નોંધાયા હતા. એ સાથે દેશમાં કોરોનાના કુલ કેસનો આંકડો ૨૭ લાખથી પણ વધુ થયો હતો. આશ્ચર્ય એ વાતનું હતું કે છેલ્લા ૨૪ કલાકમાં દેશના છ રાજ્યોમાં કોરોનાને કારણે એક પણ મૃત્યુ નોંધાયું નથી. છેલ્લા ચોવીસ કલાકમાં ઓછામાં ઓછા છ રાજ્યોમાં કોરોનાથી એક પણ મૃત્યુ નોંધાયું નહોતું. અરુણાચલ પ્રદેશ, હિમાચલ પ્રદેશ, મિઝોરમ, મેઘાલય, નાગાલેન્ડમાં કોરોનાથી એક પણ મૃત્યુ નોંધાયું નહોતું. મિઝોરમમાં તો આજ સુધીમાં કોરોનાથી એક પણ મૃત્યુ થયું નથી. છેલ્લા ૨૪ કલાકમાં કોરાનાગ્રસ્ત લોકોની સંખ્યામાં ૫૫૦૭૯નો વધારો થયો હતો જ્યારે કોરોનાથી મૃત્યુ પામેલા લોકોનો આંકડો ૮૭૬નો નોંધાયો હતો. દેશમાં અત્યાર સુધીમાં કુલ ૨૭ લાખ ૨,૭૪૩ કેસ નોંધાયા હતા. એમાંના ૧૯ લાખ ૭૭ હજાર ૭૮૦ લોકો સાજા થઈને ઘેર પાછાં ફર્યા હતા.

સમગ્ર દુનિયામાં કોરોનાગ્રસ્ત લોકોનો આંકડો બે કરોડ ૧૮ લાખના આંકડાને ઓળંગી ચૂક્યો છે અને અત્યાર સુધીમાં કોરોનાના કારણે મરણ પામેલા લોકોનો આંકડો પોણા આઠ લાખને આંબી ગયો હતો. અમેરિકામાં કોરોનાથી મૃત્યુ પામેલા લોકોનો આંકડો પોણા બે લાખનો થયો હતો જ્યારે ભારતમાં કોરોનાના કારણે મરણ પામેલા લોકોનો આંકડો ૫૧,૭૯૭નો થયો હતો. સાઉથ કોરિયાની રાજધાની સોલમાં એક ચર્ચના પાદરી સહિત એક સાથે ૩૧૯ લોકો કોરોનાગ્રસ્ત બનતાં ખળભળાટ મચી ગયો હતો.

## છેલ્લે... છેલ્લે...

- જાણીતા અભિનેતા અક્ષયકુમારે આસામ પુર રાહતમાં એક કરોડ રૂપિયા સહાય આપી.
- ઉત્તરપ્રદેશના આરોગ્ય મંત્રી કોરોનાથી સંક્રમિત
- હોંગકોંગે એર ઈન્ડિયાની વંદે ભારત મિશન ફલાઈટ અટકાવી
- પૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીની સ્થિતિ યથાવત
- રાજકોટ મહાનગર પાલિકામાં એક સાથે ૬૫ સફાઈ કર્મચારીઓ કોરોનાથી સંક્રમિત
- જાણીતા ઉદ્યોગપતિ કિરણ મજમુદાર કોરોનાથી સંક્રમિત

# મધ્યપ્રદેશમાં બીજા રાજ્યોના લોકોને સરકારી નોકરી નહીં

**કાયદો આવશે તો મધ્યપ્રદેશ સરકારની તમામ નોકરીઓ હવે એમપી ડોમિસાઇલ ધરાવતા લોકો માટે અનામત હશે**

ભોપાલ, તા. ૧૮

મધ્યપ્રદેશમાં હવેથી તમામ સરકારી નોકરીઓ સ્થાનિક એટલે કે મધ્યપ્રદેશના લોકોને જ મળશે. દેશના બીજાં રાજ્યોમાંથી આવનારા લોકોને મધ્યપ્રદેશમાં સરકારી નોકરી ન મળે તે મતલબનો કાયદો મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણ બદલી રહ્યા છે. આ કાયદો આવશે તો મધ્યપ્રદેશ સરકારની તમામ નોકરીઓ હવે એમપી ડોમિસાઈલ ધરાવતા લોકો માટે અનામત રહેશે. શિવરાજસિંહે આ જાહેરાત કરતાં કહ્યું કે આ માટે જરૂરી કાયદાકીય બદલાવ ટૂંક સમયમાં રજૂ કરવામાં આવશે. આ અગાઉ કમલનાથ સરકારે સ્થાનિક લોકોને ઉદ્યોગોમાં ૭૦ ટકા રોજગાર આપવાનું ફરજિયાત બનાવ્યું હતું. કમલનાથ સરકારના નિર્ણય મુજબ રાજ્યમાં સ્થપાયેલા ઉદ્યોગોમાં ૭૦ ટકા સ્થાનિક એટલે કે મધ્યપ્રદેશના વતની હોવું ફરજિયાત કરવામાં આવ્યું હતું. આ અંતર્ગત, ઉદ્યોગકારો સરકારી યોજનાઓ, કર મુક્તિનો લાભ ત્યારે જ મેળવી શકશે જ્યારે તેઓ મધ્યપ્રદેશના લોકોને રોજગારનો

● અનુસંધાન પાના - ૭ પર

# ઓક્સફર્ડ યુનિવર્સિટી અને જર્મનીની રસી આ વર્ષના અંત સુધીમાં આવશે

મોસ્કો,તા.૧૮

દુનિયામાં સૌથી પહેલા રશિયાએ કોરોના વાયરસની વેક્સીન બનાવી લીધાની જાહેરાત કરી દીધી છે. જોકે રશિયાની આ કોરોના વિરોધી રસી સ્પુતનિકને શંકાની નજરે જોવામાં આવી રહી છે. હવે બ્રિટનની ઓક્સફોર્ડ યૂનિવર્સિટીએ કોરોના વાયરસની રશીને લઈને મહત્વના સંકેત આપ્યા છે.

બ્રિટનની વેક્સીન ટાસ્કફોર્સના પ્રમુખ કેટ બિંઘમે કહ્યું છે કે, ઓક્સફર્ડ યુનિવર્સિટી અને જર્મનીની કોરોના રસી આ વર્ષના અંત સુધીમાં તૈયાર થઈ શકે છે. કેટ બિંઘમે કહ્યું હતું કે, બ્રિટનમાં લગભગ એક લાખ લોકો ટ્રાયલમાં ભાગ લેવા આગળ આવ્યા છે. જોકે કેટએ સ્કાય ન્યૂઝ સાથેની વાતચીતમાં વધુ વોલેન્ટિયર્સને ટ્રાયલમાં જોડાવા અપીલ કરી હતી. કેટ બિંઘમે કહ્યું હતું કે, મને લાગે છે કે આ વર્ષે રસી તૈયાર થઈ જશે. કોરોનાની આ રસી એક જે ઓક્સફર્ડ યુનિવર્સિટીમાં તૈયાર કરવામાં આવી રહી છે અને બીજી રસી જે જર્મન કંપની બાયોએનટેક દ્વારા તૈયાર કરવામાં આવી છે. હવે જો બધુ બરાબર રહ્યું તો આ વર્ષે જ બંને રસીની નોંધણી કરાવવામાં આવશે. રસીની વહેંચણી પણ આ વર્ષે શરૂ કરી દેવામાં આવશે.

# પીએમ કેર્સ ફંડને NDRFમાં ટ્રાન્સફરની માગ ફગાવી દેવાઈ

**પીએમ કેર્સ ફંડ પણ ચેરિટી ફંડ જ છે : સુપ્રીમે સ્પષ્ટ કર્યું કે એનડીઆરએફમાં વ્યક્તિ-સંસ્થા રકમ દાન કરી શકે છે**

નવી દિલ્હી, તા. ૧૮

સુપ્રીમ કોર્ટે પીએમ કેર્સ ફંડને એનડીઆરએફમાં ટ્રાન્સફર કરવાની માગણી ફગાવી દીધી છે. સુપ્રીમ કોર્ટે પોતાના ચુકાદામાં કહ્યું કે પીએમ કેર્સ ફંડ પણ ચેરિટી ફંડ જ છે. રકમ ટ્રાન્સફર કરવાની જરૂર નથી. સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કહ્યું છે કે કોઈ પણ વ્યક્તિ અથવા સંસ્થા એનડીઆરએફમાં રકમ દાન કરી શકે છે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે નવેમ્બર ૨૦૧૯માં બનાવવામાં આવેલી એનડીઆરએફ કોરોના સંકટથી ઉકેલ માટે પર્યાપ્ત છે. કોઈ નવુ એક્શન પ્લાન લઘુત્તમ માનાંકોને અલગ કરવાની જરૂર નથી. અરજીકર્તા એનજીઓ, સેન્ટર ફૉર પબ્લિક ઈન્ટરેસ્ટ લિટિગેશને દાવો

● અનુસંધાન પાના - ૭ પર

# નિવૃત્તિની જાહેરાત કર્યા બાદ ધોની ધ્રૂસકે ધ્રૂસકે રડ્યો હતો!



**એમએસ ધોનીના નજીકના મિત્રએ પણ કહ્યું હતું કે ધોની આઈપીએલની આગામી બે ત્રણ સિઝનમાં રમતો રહેશે**

નવી દિલ્હી, તા.૧૮

ભારતને બે વખત વર્લ્ડ કપ અપાવનાર કેપ્ટન એમએસ ધોનીએ ૧૫ ઓગસ્ટની સાંજે ૭.૨૯ મિનિટે ઈન્ટરનેશનલ ક્રિકેટને અલવિદા કહી દીધું છે. ધોનીની નિવૃત્તિની જાહેરાત પછી તરત જ સુરેશ રૈનાએ પણ નિવૃત્તિની જાહેરાત કરી દીધી હતી. કહેવામાં આવી રહ્યું છે કે બંનેએ ૧૫ ઓગસ્ટના રોજ નિવૃત્તિની લેવાનો નિર્ણય એટલા માટે કર્યો કારણ કે આ વર્ષે ભારતની આઝાદીના ૭૩ વર્ષ પૂરા થયા હતા. ધોનીનો જર્સી નંબર ૭ અને રૈનાનો જર્સી નંબર ૩ ને ભેગો કરવામાં આવે તો ૭૩ થાય છે.


SWARRNIM STARTUP & INNOVATION UNIVERSITY
Gandhinagar, Gujarat
INDIA'S FIRST UNIVERSITY FOR STARTUP
ADMISSIONS OPEN 2020-21
School of Technology
Diploma - Computer | Civil | Electrical | Mechanical | Automobile
B.Tech - Computer Egg. | IT | EC | Mechanical | Electrical | Civil | Automobile AI | CTIS | MACT | Blockchain
M.Tech - Advance Manufacturing System | AI | Electronics Communication Power Systems | Environmental Engineering | Cyber Security
PHD
School of Health Science
BAMS | BHMS | BPT | GNM | B.Sc. Nursing DMLT | Sanitary Inspector
School of Science
B.Sc. - PCM | Biotech | Microbiology | Fire And Safety
M.Sc. - Biotech | Chemistry Microbiology
Institute of Designs
B.Arch
B.Sc. Fashion & Creative Style (international Collaboration With Atelier Chardon Savard-Paris)
B.Des/Diploma - Fashion | Interior Product Graphic & Animation | UX
M. Plan
School of Business
B.Com | BBA | BCA | M.Com | MBA | Airport Mgmt | Hotel Mgmt.
SWARRNIM EASY FEE
0% Interest Education Loan
Scan to Apply Online ▶▶
Contact Us
www.swarrnim.edu.in
admission@swarrnim.edu.in
95108 58239
95108 68970
100% Placement in Last 3 Years



GANDHINAGAR'S EXCLUSIVE INDUSTRIAL PARK ON 30 METRE T.P. ROAD
GUDA APPROVED | RERA REGISTERED
AB શ્રી અર્બુદા બિલ્ડર્સ TRUST IS OUR KEYSTONE
શુકન INDUSTRIAL PARK
INDUSTRIAL PLOTS STARTS FROM 650 SQ.YD.
AN IDEAL BUSINESS PLACE FOR
ENGINEERING | PLASTIC | TEXTILE | PHARMACEUTICAL
FOOD & AGRO | PRINTING | AUTOMOBILES
WAREHOUSE | COLD STORAGE | AND MANY MORE INDUSTRIES
RERA Regn. No.: PR/GJ/GANDHINAGAR/GANDHINAGAR/Others/PAA07336/140820
Site : Shukan Industrial Park, Nr. Jogni Mata Mandir, Nr. Sector-26 GIDC, Surve No. 1176, 1177, Pethapur, Gandhinagar.
Contact : 9998973875 / 9898988585